
# અર્થશાસ્ત્રીઓની ગુલાંટ અને દેશના અર્થતંત્રની પડતી...

**પગરવ**
★ પ્રશસ્ત પંડયા

દેશના અર્થતંત્ર વિશે એક તરફ વાહવાહી થાય છે અને બીજી તરફ અર્થતંત્ર ખાડે ગયું છે તેવા અર્થશાસ્ત્રીઓનાં નિવેદન આવી રહ્યાં છે. છેલ્લા થોડા સમયથી દેશના અર્થતંત્રને લઈને કેટલાક સવાલો થઈ રહ્યા છે. આ સવાલોના ઉત્તર સરકાર સ્પષ્ટતાથી આપી રહી નથી પરંતુ અર્થશાસ્ત્રીઓનાં જે રીતે નિવેદન આવી રહ્યાં છે તે પરથી ખ્યાલ આવે છે કે દેશની આર્થિક સ્થિતિ હાલમાં કેવી છે. કેટલાક અર્થશાસ્ત્રીઓ તો દેશનું અર્થતંત્ર સંકટમાં છે તેવું ખોંખારીને કહી રહ્યા છે; આશ્ચર્યની વાત એ છે કે આમાંથી ઘણા અર્થશાસ્ત્રીઓ વર્તમાન સરકારની તરફેણ કરનારા હતા પરંતુ હવે જાણે તેમને એકાએક જ્ઞાન લાધ્યું હોય તેમ તેઓ સંકટ વિશે ચેતવી રહ્યા છે. આ અંગે 'બીબીસી હિંદી' અને 'ઇન્ડિયન એક્સપ્રેસ' ઉપરાંત અન્ય અખબારોમાં પણ ન્યૂઝ પ્રકાશિત થયા છે.

દેશનું અર્થતંત્ર ખાડે ગયું છે તેવી ચર્ચા ત્યારે શરૂ થઈ જ્યારે વર્તમાન સરકારના એક સમયના તરફદાર અર્થશાસ્ત્રી સુરજિત ભલ્લાએ 'ઇન્ડિયન એક્સપ્રેસ'માં 21 મેના રોજ એક લેખ લખ્યો. આ લેખના મથાળાથી જ તેમણે સીધું સરકાર પર નિશાન તાક્યું છે. તેનું મથાળું હતું : 'ભાજપ ચૂંટણી જીતી રહી છે પરંતુ અર્થવ્યવસ્થામાં હારી રહી છે.' અહીંયા તેમણે વર્તમાન કેન્દ્ર સરકારની ટીકા કરતા લખ્યું છે કે, 'આ સમયમાં અર્થવ્યવસ્થાનું સંતુલન બનાવી રાખવાના મુદ્દે ભાજપનું પ્રદર્શન છેક નીચલા સ્તરે પહોંચ્યું છે અને તેની કોઈ ગેરંટી નથી કે આ સ્થિતિ વધુ ખરાબ નહીં થાય.' સુરજિત ભલ્લા આ વિશે ચાર બાબતો ટાંકે છે : 'પ્રથમ અને સૌથી અગત્યની તે - ખુદ સરકાર. સરકાર સમસ્યાને જાણે છે પરંતુ તે સમસ્યાની જવાબદારી લેવાના બદલે તે દોષ અન્ય પર નાંખી દે છે. બીજો મુદ્દો ઉદ્યોગજગતનો છે, જેઓ વર્તમાન આર્થિક માળખાના સૌથી મુખ્ય ઘટક છે. ઉદ્યોગોને નીતિઓથી થઈ રહેલા નુકસાનમાં તેઓ કશુંય ખોંખારીને બોલી રહ્યા નથી. સુરજિત ભલ્લા બધો દોષ વર્તમાન કેન્દ્ર સરકાર પર જ થોપતા નથી; બલકે તેઓ કૉંગ્રેસ પક્ષની પણ મર્યાદા દાખવે છે. તેમનું કહેવું છે કે ગાંધી પરિવારના કારણે કૉંગ્રેસ પક્ષ માળખું એટલું અસંતોષી અને નિષ્ક્રિય થઈ ચૂક્યું છે કે તે કારણે ભાજપ માટે એક પક્ષીય લોકતાંત્રિક વ્યવસ્થાનો માર્ગ બિલકુલ મોકળો થઈ ચૂક્યો છે. ચોથું કારણ 'ડીપ ટેસ્ટ'[અદશ્ય સત્તા કેન્દ્ર]ને ભલ્લા આપે છે; જેને ભલ્લા આ ત્રણેય પાછળના કન્ટ્રોલિંગ પાવરના સ્વરૂપે જુએ છે. જેમાં સરકાર સતત એવો પ્રચાર કરી રહી છે કે આપણી અર્થવ્યવસ્થા ગતિથી આગળ વધી રહી છે.



અર્થશાસ્ત્રની બાબત આવે ત્યારે કેટલાક આંકડાથી જ વાત સમજાય અને તે આંકડાને સરકાર હંમેશાં છુપાવવાનો પ્રયાસ કરે છે. જેમ કે, સરેરાશ વ્યક્તિની આવક વધવાનો જે દર છે તેમાં આપણા દેશ કરતાં બાંગ્લાદેશ ઘણું આગળ છે. બાંગ્લાદેશમાં સરેરાશ વાર્ષિક વૃદ્ધિ દર 8.3 % છે. ઈથોપિયા જેવા દેશનો સરેરાશ વૃદ્ધિ દરનો આંકડો 7.2 છે, જ્યારે આપણો દેશનો આ આંકડો 4.7 સુધી જ પહોંચ્યો છે. આ રીતે આંકડા જોઈએ તો આપણા દેશને હવે વિશ્વની સૌથી ઝડપથી આગળ વધતી અર્થવ્યવસ્થા કહેવાનું છોડી દેવું જોઈએ. આ તમામ નિરીક્ષણ સુરજિત ભલ્લાના છે. ભલ્લા 2017-2018 દરમિયાન વડા પ્રધાનના આર્થિક સલાહકાર પરિષદના સભ્ય રહી ચૂક્યા છે.

અર્થશાસ્ત્રીઓનું આ રીતે વલણ-નિવેદન બદલાય છે તે અંગે 'ધ પ્રિન્ટ' ન્યૂઝ પોર્ટલમાં વિગતે એક અહેવાલ આવ્યો છે. તેમાં લેખક એમ. આર. પાઈ લખે છે : 'ઘણાં અર્થશાસ્ત્રીઓની સ્વતંત્રતા પ્રભાવિત થઈ છે કારણ કે તેમણે સરકારી સંસ્થાઓ, યોજના આયોગ પાસેથી રિસર્ચ અને પ્રોજેક્ટનાં કાર્યો સ્વીકાર્યાં છે અને તેઓ વ્યક્તિગત સંવાદમાં ખેદ સાથે સ્વીકારે છે કે તેઓ જાહેર મંચ પર સરકારને અપ્રિય થાય તેવા વિચારો રજૂ કરવામાં હવે અસમર્થ છે. જો તેઓ કોઈની પરવા કર્યા વિના વિચારો વ્યક્ત કરે તો તેમને મળનારું સરકારી સંરક્ષણ અને પ્રોત્સાહન જોખમમાં આવી શકે છે.' આ પ્રકારની અનેક બાબતો છે જેના કારણે સરકારની નીતિનો સ્પષ્ટ જવાબ લોકોને મળતો નથી. વિશેષ કરીને અર્થશાસ્ત્ર જેવા વિષયમાં, જ્યાં કોઈ નિષ્ણાત મત ન આપે ત્યાં સુધી સામાન્ય જનને તે વિશે ઝાઝી ખબર પડતી નથી.

સરકારની છત્રછાયામાંથી નીકળીને પોતાના વિચારો રજૂ કરવામાં મોકળા બનીને વ્યક્ત થનારા બીજા એક અર્થશાસ્ત્રી અરવિંદ સુબ્રમણિયમ છે. તેઓ પણ 2014થી 2018 સુધી મોદી સરકારના મુખ્ય આર્થિક સલાહકારના પદે હતા. તેમણે પણ ગત મહિને 'ઇન્ડિયન એક્સપ્રેસ'માં લેખ લખીને અર્થતંત્ર અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેઓ લખે છે કે, 'આજે આવશ્યકતા છે એવા ભરોસેમંદ ચહેરાની જે સ્પષ્ટ સંદેશ આપી શકે, જેમ યૂરોના સંકટ સમયે ઈટાલીના પૂર્વ વડા પ્રધાન મારિયો દ્રોગીએ કહ્યું હતું કે, જે પણ થશે અમે તેને જોઈ લઈશું. દિલ્હીથી મૌન અને દિશાહીનતા બંને નજરે ચઢે છે અને મુંબઈથી એવું લાગી રહ્યું છે કે જાણે ઘટનાઓ નીતિ ઘડનારાઓ પર ભારે પડી રહી છે. સૌથી અગત્યની બાબત તો એ છે કે વડા પ્રધાન દ્વારા બચતની અપીલે પણ બજારનો ભરોસો ટકાવી રાખવાના બદલે ચિંતા વધારવાનું કામ કર્યું છે.' આગળ સુબ્રમણિયમ લખે છે કે, 'વડા પ્રધાનનો લાંબો વિદેશ પ્રવાસ પણ ઘરઆંગણે અનિર્ણાયકતા અને સ્પષ્ટ કાર્યયોજનાનો અભાવ વધુ મજબૂત રીતે દાખવે છે. ...આજે રૂપિયાનું સંકટ માત્ર ઈરાન યુદ્ધ અને દેશ ક્રૂડની આયાત પર નિર્ભર છે તેના પરિણામે માત્ર નથી, બલકે દેશમાં આર્થિક શક્યતાઓની ઊભી થયેલી શંકાના કારણે પણ છે. યુદ્ધ શરૂ થતાં અગાઉ જ રૂપિયો અન્ય ઊભરી રહેલા દેશોના ચલણની સરખામણીએ નબળો પડી ચૂક્યો હતો.' તેઓ આ વિશે સાબિતી આપતા લખે છે કે, 'યુદ્ધથી પહેલાંનાં બે-ત્રણ વર્ષોમાં તુર્કી સિવાય ભાગ્યે જ કોઈ દેશના ચલણમાં આટલી મોટી પડતી આવી, જેટલી ભારતના રૂપિયામાં આવી છે. 'ભારતીય રિઝર્વ બેન્ક' દ્વારા રૂપિયા અવમૂલ્યન અટકાવવા માટે અદ્વિતીય પ્રયાસ થયા પરંતુ તેની કોઈ અસર ન થઈ. ફેબ્રુઆરી 2022થી 2026 વચ્ચે રૂપિયાનું 20 % અવમૂલ્યન થયું છે અને તેમાં 'RBI'ના તમામ પ્રયાસ નિષ્ફળ ગયા છે.'





દેશમાં આર્થિક સંતુલન પ્રજામાં અસંતોષ આણે છે અને સાથે સાથે તેના રાજકીય અસ્થિરતા પણ આવે છે. આવું થાય ત્યારે વિદેશી રોકાણકારો માર્કેટમાંથી નાણાં ઉપાડવા લાગે છે. 2020થી 2024 સુધી દેશના શેર બજારમાં ખૂબ રોકાણ થયું અને ત્યારે ભારતનું શેરબજાર વિશ્વના સૌથી સારાં શેરબજારમાંનું એક હતું પરંતુ હવે વિદેશી મૂડીરોકાણકારોને ભારતનું શેરબજાર આકર્ષતું નથી અને તેથી ગત વર્ષમાં 10 અરબ ડૉલર ભારતના શેરબજારમાંથી વિદેશી રોકાણકારોએ ઉપાડી લીધા છે. આ રીતે વર્તમાન કેન્દ્રની સરકાર પોતાની નીતિથી તો ભીંસમાં આવી જ છે પણ તેની સાથે સાથે દેશના આમ જનતા પણ મોંઘવારીમાં પીસાઈ રહી છે. છેલ્લે બાકી હતું તો ગેસ સિલિન્ડરના ભાવમાં ફરી 29 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે.

દેશની આ સ્થિતિ વિશે પૂર્વ વડા પ્રધાન મનમોહનસિંહના મીડિયા સલાહકાર સંજય બારુએ પણ નિવેદન આપ્યું છે. તેમણે શરૂઆતમાં

**આજે રૂપિયાનું સંકટ માત્ર ઇરાન યુદ્ધ અને દેશ ક્રૂડની આયાત પર નિર્ભર છે તેના પરિણામે માત્ર નથી, બલકે દેશમાં આર્થિક શક્યતાઓની ઊભી થયેલી શંકાના કારણે પણ છે. યુદ્ધ શરૂ થતાં અગાઉ જ રૂપિયો અન્ય ઊભરી રહેલા દેશોના ચલણની સરખામણીએ નબળો પડી ચૂક્યો હતો**



વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી હતી પરંતુ હવે તેમણે પોતાનું વલણ બદલ્યું છે. તેમણે ગત મહિને 'ઇન્ડિયન એક્સપ્રેસ' લખ્યું હતું કે, '2004માં અટલ બિહારી વાજપેયી સરકારની હાર થઈ અને ડાબેરીઓના સમર્થનથી કૉંગ્રેસ નેતૃત્વ ધરાવનારી સરકાર શાસનમાં આવી ત્યારે બજારમાં અને રોકાણકારોમાં ચિંતા જન્મી હતી. પરંતુ તત્કાલિન વડા પ્રધાન તરીકે પદાધિકાર સંભાળનારા મનમોહનસિંહ ખૂબ ઝડપથી ભરોસાને કાયમ કર્યો અને રોકાણકારોની આશંકાઓને દૂર કરી દીધી.' સંજય બારુ આગળ તો દેશની આર્થિક સ્થિતિની વાસ્તવિકતા મીડિયામાં રજૂ નથી થતી તે અંગે પણ કહે છે કે, '1991 અને 2004માં ઉદ્યોગજગત અને મીડિયા ખૂલીને પોતાની ચિંતા વ્યક્ત કરતા હતા અને રાજકીય નેતૃત્વ પર ઉદ્યોગ-ફ્રેન્ડલી માહોલ બનાવવા અર્થે દબાણ કર્યું હતું પરંતુ આજનું મીડિયા ભયભીત છે, જ્યારે ઉદ્યોગજગત વધુ પડતું જોખમ લેવા વિશે ડરી રહ્યો છે.'

આવું તો ઘણું છે જેમાં ભારતીય અર્થતંત્ર ડામાડોળ દેખાતું હોય પરંતુ હજુ સુધી કેન્દ્ર સરકાર પાસે તેનો કોઈ ઠોસ કાર્યક્રમ નથી. સરકારના પ્રયાસો પણ નજરે નથી ચઢતા. આર્થિક બાબત પર આપણા સૌની નજર રહેવી જોઈએ; નહીંતર એવા દિવસો દૂર નથી જ્યારે લોકોનો વિશ્વાસ ડગશે અને તેનાથી રાજકીય અરાજકતા આવશે.